# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-12-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

......................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMIT SHAH AHMEDABAD

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે આજે અમદાવાદમાં અનેક વિકાસ કાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યા. તેમણે થલતેજમાં 861 આવાસોનું લોકાર્પણ કર્યું. આ ઉપરાંત શ્રી શાહે સાઉથ બોપલમાં ઇલેક્ટ્રોથર્મ ગાર્ડન , સરખેજ અને વસ્ત્રાપુરમાં તળાવોનું લોકાર્પણ, મેમનગરમાં પાર્ટી પ્લોટ, નવા વાડજમાં 350 આવાસોનું લોકાર્પણ કર્યું. તેમણે ન્યુ રાણીપમાં જિમ્નેશિયમ અને લાયબ્રેરીની મુલાકાત લીધા બાદ ગોતાના રમતગમત સંકુલનું ખાતમુહૂર્ત કર્યું.

તેઓ આજે એએમસીના લગભગ 100 નવનિયુક્ત આસિસ્ટન્ટ ફાયરમેનને નિમણૂક પત્રો પણ એનાયત કરશે. આ ઉપરાંત , તેઓ ઉત્તર પ્રદેશના રાજ્યપાલ આનંદીબેન પટેલના જીવન પર આધારિત પુસ્તક 'ચુનૌતિયાં મુઝે પસંદ હૈ 'ની ગુજરાતી આવૃત્તિના વિમોચન સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

. . . . . . . . . . . . .

# BHARUCH- VAYUSENA

ભરૂચના અંકલેશ્વરમાં ભારતીય વાયુસેનાની સારંગ ટીમના ચાર હેલિકોપ્ટરોએ એરસ્ટ્રીપ પરથી તેમના અદ્ભુત હવાઈ કરતબોથી મંત્રમુગ્ધ કર્યા.

ભરૂચ જિલ્લા મેનેજમેન્ટ એસોસિએશન અને ભરૂચ સિનિયર સિટીઝન્સ કાઉન્સિલે જિલ્લા વહીવટીતંત્રના સહયોગથી , બે દિવસીય સારંગ હેલિકોપ્ટર અને આકાશગંગા સ્કાયડાઇવિંગ પ્રદર્શનનું આયોજન કર્યું છે. ભરૂચ અંકલેશ્વર વચ્ચે આવેલ એરસ્ટ્રીપ પર સારંગ , આકાશગંગા અને રિમોટ-કંટ્રોલ્ડ એરો મોડેલનું પ્રદર્શન યોજાયું હતું. રાજકીય નેતાઓ સહિત ભરૂચ અંકલેશ્વર તથા અન્ય તાલુકાના લોકો શો જોવા માટે ઉમટી પડ્યા હતા.

. . . . . . . . . . . . . .

# BHARUCH- SHRAMIK MOT

ભરૂચના જંબુસર નજીક દરિયામાં ONGCના ઓઇલ સર્વે માટે જઈ રહેલ શ્રમજીવીઓની બોટ પલટી જતા આ દુર્ઘટનામાં એક કામદારનું મોત જ્યારે અન્ય કામદારોને બચાવી લેવામાં આવ્યા હતા.

બોટમાં લગભગ 30 જેટલા કામદારો સવાર હતા , જેના કારણે ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી.ધારાસભ્ય ડી.કે. સ્વામી અકસ્માતની જાણ થતાં જ હોસ્પિટલ પહોંચી ગયા અને ઘટનાની વિગત તથા બચાવ કામગીરી અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી હતી. ઘટનાની ગંભીરતા જોતા પોલીસ દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . .

# KUTCH DEATH

કચ્છ જિલ્લાના કુકમા ગામમાં બોરવેલમાં પડી જતાં યુવકનું મોત થયું છે. અમારા પ્રતિનિધિ જણાવે છે કે આશાપુરા મંદિર ટેકરી પાસે વાડી વિસ્તારના બોરવેલમાં પડેલ યુવકનો મૃતદેહ ૭ કલાકની કામગીરી બાદ બહાર કઢાયો હતો. ફાયર વિભાગ, સેના તથા સ્થાનિક બોરવેલ ટીમની મદદથી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

. . . . . . . . . . . . . .

# ARVALLI SIR

અરવલ્લી જિલ્લામાં વિશેષ સઘન સુધારણા-SIR અંતર્ગત ત્રણેય વિધાનસભા ક્ષેત્રમાં વિશેષ કામગીરી કરવામાં આવી રહી છે. અત્યાર સુધી સરેરાશ ૧5 ટકા જેટલી કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : અંકિત ચૌહાણ)

. . . . . . . . . . . . . .

# DIU- SPARDHA

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના હાયર સેકન્ડરી સ્કૂલ ખાતે કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરીય બેન્ડ સ્પર્ધાનું આયોજન થયું હતું.

જેમાં દીવ જિલ્લાની વિવિધ શાળાઓએ ભાગ લીધો હતો , વિજેતા બનેલા જિલ્લા સ્તરીય છોકરા અને છોકરીઓની ટીમે આજે કેન્દ્રશાસિત પ્રદેશ સ્તરીય ભાગ લીધો હતો. આજે દીવ ખાતે સમગ્ર શિક્ષા દ્વારા દમણ દીવ અને દાદરા નગર હવેલી વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. આ પ્રસંગે દીવ શિક્ષણ અધિકારી સમગ્ર શિક્ષાના વિજય ભાઈ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . .

# TAPI YOG SHIBIR

મેદસ્વિતા-મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત તાપી જિલ્લાના વ્યારા ખાતે વિશાળ યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

તાપી જિલ્લાના વ્યારા ખાતે યોજાયેલ યોગ શિબિરમાં ગુજરાતના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રી ડૉ. જયરામ ગામીત ઉપસ્થિતિ રહ્યા.

ગુજરાત યોગ બોર્ડના અધ્યક્ષ શિશપાલે કહ્યુ હતું કે આગામી સમયમાં રાજ્યભરમાં પચાસ હજાર યોગ કેન્દ્ર શરૂ કરવાનું યોગ બોર્ડનુ લક્ષ્યાંક છે.

**બાઈટ - શિશપાલજી (ગુજરાત યોગ બોર્ડ ચેરમેન)**

.................................